રાજય ચૂંટણી આયોગ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૪-૦૯-૨૦૧૭

ક્રમાંક : રાચઆ-ચટણ-સમક-નપા-ગઢડા-યુનિટ-૬-૦૯૨૦૧૭

**ગઢડા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :**

---

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ-૬ ની પેટા કલમ-૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ ની પેટા કલમ-૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ-૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી-૧૮૦-ઓફ ૨૦૧૭-એનપીએલ-૪૫૨૦૧૬/૩૩૦૭-એમ., તા.૧૯-૬-૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **ગઢડા** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને-૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **ગઢડા** નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ-૨૮ બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી-૪૯-૧૯૯૪-એનએમપી-૪૫૯૩-૩૬૫૫-એમ, તા.૧૬-૩-૧૯૯૪ અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ **૨૯૮૭૨** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને **૭** વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ **૪૨૬૭** ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે ૭,૪ અને ૫ વોર્ડ સિવાયની કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠક પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત જાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૩૭૯૭ | ૯૪૨ | ૨૪.૮૧ |
| ૨ | ૫ | ૩૭૨૩ | ૪૦૫ | ૧૦.૮૮ |
| ૩ | ૭ | ૫૯૪૭ | ૪૩૮ | ૭.૩૭ |
| ૪ | ૬ | ૩૯૨૩ | ૨૪૨ | ૬.૧૭ |
| ૫ | ૩ | ૪૦૧૧ | ૧૮૮ | ૪.૬૯ |
| ૬ | ૨ | ૪૧૭૧ | ૮૨ | ૧.૯૭ |
| ૭ | ૧ | ૪૩૦૦ | ૮૩ | ૧.૯૩ |
| | કુલ | ૨૯૮૭૨ | ૨૩૮૦ | - |

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૪ અને ૫ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શક્ય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ નં.૫ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૪ અને ૫ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૪ | **અનુસૂચિત જાતિ** |
| ૨ | ૫ | **અનુસૂચિત જાતિ સ્ત્રી** |

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪૦૧૧ | ૧૦૪ | ૨.૫૯ |
| ૨ | ૪ | ૩૭૯૭ | ૩૧ | ૦.૮૨ |
| ૩ | ૭ | ૫૯૪૭ | ૨૦ | ૦.૩૪ |
| ૪ | ૨ | ૪૧૭૧ | ૩ | ૦.૦૭ |
| ૫ | ૧ | ૪૩૦૦ | ૨ | ૦.૦૫ |
| ૬ | ૫ | ૩૭૨૩ | ૦ | ૦.૦૦ |
| ૭ | ૬ | ૩૯૨૩ | ૦ | ૦.૦૦ |
| | કુલ | ૨૯૮૭૨ | ૧૬૦ | -- |

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

**ગઢડા** નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | પછાતવર્ગની વસતિ (અંદાજિત) | વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૪૩૦૦ | ૩૭૩૦ | ૮૬.૭૪ |
| ૨ | ૭ | ૫૯૪૭ | ૪૭૯૯ | ૮૦.૭૦ |
| ૩ | ૬ | ૩૯૨૩ | ૩૦૦૫ | ૭૬.૬૦ |
| ૪ | ૨ | ૪૧૭૧ | ૩૧૧૪ | ૭૪.૬૬ |
| ૫ | ૪ | ૩૭૯૭ | ૨૧૭૭ | ૫૭.૩૩ |
| ૬ | ૫ | ૩૭૨૩ | ૨૧૩૦ | ૫૭.૨૧ |
| ૭ | ૩ | ૪૦૧૧ | ૨૧૩૭ | ૫૩.૨૮ |
| | કુલ | ૨૯૮૭૨ | ૨૧૦૯૨ | -- |

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં.૧,૭ અને ૬ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૧ અને ૬ માં પછાતવર્ગની અને વોર્ડ નં.૭ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૧ | પછાતવર્ગ |
| ૨ | ૭ | પછાતવર્ગ સ્ત્રી |
| ૩ | ૬ | પછાતવર્ગ |

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **ગઢડા** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી**

**આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજ્ય ચૂંટણી આયોગ **ગઢડા** નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,**

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

# અનુસૂચિ-૧

## ગઢડા (સ્વા) નગરપાલિકા, જિલ્લો-બોટાદ

### વોર્ડ નં.૧

| સૂચિત વોર્ડ નંબર | ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત | | | | | બ્લોક ના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબર થી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૫ | ૦ | ૦ | ૭૨૭ | ૧ થી ૧૧૫ | ખોડીયારનગર-૨, અને ધાર |
| | ૬ | ૭૮ | ૦ | ૮૧૨ | ૧ થી ૧૫૨ | હોળાયારોડ, ખોડીયારનગર-૧, ખાચરવાડી |
| | ૭ | ૫ | ૦ | ૬૩૭ | ૧ થી ૧૧૭ | ખાચરવાડી અને પાણીની ટાંકી |
| | ૮ | ૦ | ૦ | ૬૭૯ | ૧ થી ૧૦૬ | સરદારનગર, |
| | ૯ | ૦ | ૨ | ૬૬૭ | ૧ થી ૧૨૨ | લાકડાવાળો વંડો, લક્ષ્મીવાડી, મેમણકલોની |
| | ૧૦ | ૦ | ૦ | ૭૭૮ | ૧ થી ૧૦૩ | કોઠીવાડી, |

<u>વોર્ડ નં.૧ ની હદનું વર્ણનઃ-</u>

મોજે હોળાયાના દક્ષિણના સીમાડે સર્વે નં. ૬૪૩/૩ પૈકી ગૌચરની જમીનના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ ચાલતાં હોળાયા રોડ ક્રોસ કરી સર્વે નં.૨૮૭, ૨૮૫, ૨૮૪, ૨૮૩, ૨૮૨, ૨૮૧, ૨૮૦ થઇને ગાળાનો માર્ગ ક્રોસ કરી સર્વ. નં.૨૪૦, ૨૩૯, ૨૩૮, ૨૩૭, ૨૩૪, ૨૩૩, ૨૩૦ મોજે સાળંગપરડાના દક્ષિણ દરવાજે ચાલતાં સાળંગપરડાનો માર્ગ ક્રોસ કરી સર્વે નં.૨૨૯, ૨૨૮, ૨૨૭ મેઘવડીયાના માર્ગ સુધી દક્ષિણ તરફ મેઘવડીયાના સીમાડે સર્વે નં.૨૨૭, ૨૨૬, ૨૨૫, ૨૧૯, ૨૧૫, ૨૧૧ થઇને ખોડીયારનગર ધાર, ખોડીયારનગર - ૨માં પૂર્વથી પશ્ચિમ જતાં પશ્ચિમ દિશાએ હોળાયા રોડ ક્રોસ કરી દક્ષિણ તરફ ખોડીયારનગર-૧, ખાચરવાડી, સરદારનગર, લાકડાવાળો વંડો, બોટાદના ઝાંપે, પશ્ચિમ તરફ ચાલતાં પોસ્ટ ઓફિસ, પથિકાશ્રમના નૈઋત્ય ખૂણેથી લક્ષ્મીવાડી, મેમણકોલોની, કોઠીવાડીના ખૂણેથી પશ્ચિમ દિશા તરફ સર્વે નં.૬૪૩/૩ નાળીયેરીધાર ડુંગર પાસે થઇ હરીપર રોડ ક્રોસ કરી સર્વે નં.૩૨૯, ૩૨૮, ૩૨૭, ૬૪૪, ૩૨૩, ૬૫૧ થઇ ૬૪૩/૩ ના વાયવ્ય સુધીનો અંદરનો તમામ વિસ્તાર

## ગઢડા (સ્વા) નગરપાલિકા, જિલ્લો-બોટાદ

### વોર્ડ નં.૨

| સૂચિત વોર્ડ નંબર | ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત | | | | | બ્લોક ના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબર થી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ | ૧ | ૦ | ૦ | ૬૦૪ | ૧ થી ૧૧૨ | બહારપરા, સુવાળીયાપરા, બોટાદઝાંપા |
| | ૨ | ૦ | ૩ | ૫૭૫ | ૧ થી ૧૧૧ | નાગજીપરા, |
| | ૩ | ૮૨ | ૦ | ૫૩૭ | ૧ થી ૮૧ | વોકળીના કાંઠા, ગોધાણીનગર, સ્વામિનારાયણનગર, |
| | ૪ | ૦ | ૦ | ૬૬૧ | ૧ થી ૧૧૩ | ખોડીયારનગર-૨, |
| | ૧૨ | ૦ | ૦ | ૫૯૨ | ૧ થી ૧૦૫ | ગોરની વાડી, |
| | ૧૪ | ૦ | ૦ | ૬૦૨ | ૧ થી ૧૧૭ | ભરવાડવાસ, પટેલ સમાજની વાડી, |
| | ૧૫ | ૦ | ૦ | ૬૦૦ | ૧ થી ૧૧૬ | વોકળીનો કાંઠો, ભરવાડવાસ, |

### વોર્ડ નં.૨ ની હદનું વર્ણનઃ-

મેઘવડીયાના માર્ગે ગામના દક્ષિણ સીમાડે રેવન્યુ સ.નં.૧૮૦ના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ ચાલતાં ૧૭૯, ૧૭૮, ૧૭૭, ૧૭૬, ૧૭૩, ૧૭૨, ૧૭૧, ૧૭૦,૧૬૯,૧૬૭ ઇશાન ખૂણેથી ગોરડકાના રોડે ચાલતાં દક્ષિણ દિશાએ સોનલ વોકળું ક્રોસ કરી સર્વે નં.૧૬૫, ૧૬૩, ૧૫૫,૧૫૪, ૧૪૦, ૧૩૯, ૧૩૮, ૧૩૭, ૧૩૦, ૧૩૧/૧, ૧૩૧/૩, ૧૩૧/૪, ૧૩૮/૨, ૫૯ પૈકી ૨, રીલાયન્સ પેટ્રોલ પંપ, મહાજન પાંજરાપોળ પાસે થઇ વોકળા કાંઠે કાંઠે પશ્ચિમ દિશાએ ચાલતાં સ્વામિનારાયણ નગરના ખૂણે વોકળું ક્રોસ કરી વોકળીનો કાંઠો, ભરવાડવાસ, પટેલ સમાજની વાડી વાળો વિસ્તાર, આવકાર વિડીયો વાળો ભાગ, ગોરની વાડી પાસે થઇ મામલતદાર ઓફિસના પાછળના રસ્તે થઇ દક્ષિણ દિશાએ જમીન વિકાસ બેંકના ખૂણે થઇ પશ્ચિમ દિશાએ ચાલતાં ચુવાળીયાપરા, બહારપરા, બોટાદઝાપે, હનુમાનજીની દેરીના ખૂણેથી, ઉત્તર દિશા તરફ ચાલતાં હોળાયાના રસ્તે, નાગજીપરા, વોકળીનો કાંઠો, બેટ દ્વારકા, હોળાયાના રોડે ખોડીયારનગર-૨ ના ખૂણેથી પશ્ચિમથી પૂર્વ તરફ ચાલતાં ઉત્તર દિશાએ સર્વે નં.૨૦૬, ૨૦૭, ૨૧૧, ૧૯૭, ૧૯૬, ૧૮૭, ૧૮૩, સોનલ વોકળું ક્રોસ કરી ૧૮૧,૧૮૦ ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## ગઢડા (સ્વા) નગરપાલિકા, જિલ્લો-બોટાદ

### વોર્ડ નં.3

| સૂચિત વોર્ડ નંબર | ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત | | | | | બ્લોક ના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબર થી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૩ | ૧૩ | ૦ | ૧૬ | ૩૫૦ | ૧ થી ૭૯ | પોલીસ સ્ટેશન, સરકારી દવાખાના, આવકાર વિડીયો |
| | ૧૬ | ૨૮ | ૦ | ૪૫૮ | ૧ થી ૯૨ | ટાઉનહોલ, બોટાદરોડ, |
| | ૧૭ | ૨ | ૨ | ૧૬૫ | ૧ થી ૩૪ | એમ.અમે.હાઇસ્કુલ, કિરણ ઓઇલ મીલ, ધામેલીયાવાડી |
| | ૧૮ | ૮ | ૧ | ૫૦૫ | ૧ થી ૧૦૯ | ધામેલીયાવાડી, મોહનનગર સોસાયટી, |
| | ૧૯ | ૦ | ૦ | ૫૯૮ | ૧ થી ૧૦૨ | ચિત્રકુટ પાર્ક સોસાયટી, પીપળાવાડી, પી.ટી.સી કોલેજ, વ્રજ વિહાર, અવધ વિહાર, ગોપીનાથ સોસાયટી |
| | ૨૦ | ૦ | ૧૦ | ૬૧૮ | ૧ થી ૧૨૫ | ભારતનગર ૧,૨,૩ , મોહનનગર સોસાયટી |
| | ૨૧ | ૦ | ૭૫ | ૪૮૮ | ૧ થી ૮૭ | પ્રમુખસ્વામીનગર, પાણીની ટાંકી, ઉગામેડી રોડ |
| | ૨૮ | ૧૫૦ | ૦ | ૩૮૨ | ૧ થી ૬૮ | બાબરપરા, વરમોરાના પ્લોટ, સમાધિ, |
| | ૨૯ | ૦ | ૦ | ૪૪૭ | ૧ થી ૭૪ | કાળીયો- ધોળીયો ઓટો, મહીપરીએજ સંપ, દેવીપૂજકવાસ |

<u>વોર્ડ નં.3 ની હદનું વર્ણનઃ-</u>

ગોરડકાના સીમાડે પૂર્વ તરફ ચાલતાં બીડના વાયવ્ય ખૂણાથી શરૂ કરી બીડના ઇશાન ખૂણા સુધી ત્યાથી દક્ષિણ તરફ વળતા વોકળું ક્રોસ કરી સર્વે નં.૯૪, ૯૨, ઉગામેડી નો રસ્તો ક્રોસ કરી સર્વે નં. ૯૧ ના અગ્નિ ખૂણેથી વળી પશ્ચિમ દિશા તરફ ચાલતાં સર્વે નં.૮૯, ગોરડકા, અડતાળા કાચો રસ્તો ક્રોસ કરી સર્વે નં ૮૮, ૮૭,૮૫, ૮૪,૭૭, ૭૬, પછી પીપળ જવાનો કાચો માર્ગ ક્રોસ કરી મહીપરીએજ પાણી પુરવઠા સંપ, દેવીપૂજકવાસ, ઘેલા નદીના કાંઠે કાળીયો- ધોળીયો ઓટો, ભીમજીભાઇ વરમોરાનું પ્લોટીંગ , બાબરપરાના નૈઋત્ય ખૂણેથી વળી દક્ષિણ દિશાએ ખોજાના કબ્રસ્તાન પાસે થઇ ભકિતબાગના ખૂણેથી વળી પશ્ચિમ દિશાએ ઉગામેડી રોડે ગામમાં ચાલતાં જૂના રેલ્વે સ્ટેશન પાસે થઇ કિરણ ઓઇલ મીલ, સખપરા શોપીંગ, એમ.એમ. હાઇસ્કૂલ, ગઢડા-ઢસા રોડ ક્રોસ કરી પોલીસ લાઇન સરકારી દવાખાનાના નૈઋત્ય ખૂણેથી વળી લાતી પ્લોટ જૂના બસ સ્ટેશન પાછળનો ભાગ, વોકળીનો કાંઠે થઇ ગોરડકાના રસ્તે વ્રજ વિહાર સોસાયટી, સર્વે નં. ૬૨ ,૬૩,૬૪, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૧૯, ૧૧૭, ૧૧૬, ૧૧૪, ૧૧૩, ત્યારબાદ વોકળું ક્રોસ કરી બીડના વાયવ્ય ખૂણા સુધીનો અંદરના ભાગે સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર .

# ગઢડા (સ્વા) નગરપાલિકા, જિલ્લો-બોટાદ

## વોર્ડ નં.૪

| સૂચિત વોર્ડ નંબર | ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત | | | | | બ્લોક ના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબર થી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪ | ૨૨ | ૦ | ૦ | ૩૮૬ | ૧ થી ૭૧ | નગરપાલિકા કચેરી, શેલપરા, પોલીસ સ્ટેશનની સામે, |
| | ૨૩ | ૧૬ | ૦ | ૫૫૦ | ૧ થી ૮૩ | શેલપરા, ખડનો વંડો, |
| | ૨૪ | ૩૮ | ૦ | ૨૭૧ | ૧ થી ૫૬ | રેવન્યુ કવાટર્સ, જીનનાકા, તાલુકા પંચાયત કવાટર્સ, |
| | ૨૫ | ૨૪૯ | ૩ | ૭૪૯ | ૧ થી ૧૩૮ | નૂતન કન્યા વિદ્યાલય, ચામઢીમાંની ડેરી, |
| | ૨૬ | ૫ | ૦ | ૫૩૫ | ૧ થી ૧૦૮ | નૂતન કન્યા વિદ્યાલય, એસ.ટી.ડેપો, સીપાઇસોસાયટી, |
| | ૨૭ | ૩૪૪ | ૨૮ | ૪૪૧ | ૧ થી ૯૧ | મહેશ્વરનગર, પાવર હાઉસ, ગામ ઉદ્યોગ મંદિર, |
| | ૪૪ | ૧૬૨ | ૦ | ૫૦૧ | ૧ થી ૯૨ | વાઢાળાચોક, હજામશેરી, કુંભારશેરી, તાલુકા શાળા નં.૧,અને ૨, |
| | ૪૫ | ૧૨૮ | ૦ | ૩૬૪ | ૧ થી ૭૬ | ખાટકીવાસ, કુંભારશેરી, રોહિતવાસ, વાલ્મિકીવાસ, |

### વોર્ડ નં.૪ ની હદનું વર્ણન:-

નગરપાલિકા કચેરીના વાયવ્ય ખૂણેથી શરૂ કરી સ્ટેશન રોડથી પૂર્વ તરફ ચાલતાં દેના બેંક, ગઢડા - ઢસા રોડ ક્રોસ કરી રેવન્યુ કવાટર્સ, તાલુકા પંચાયત કચેરી તથા કવાટર્સ, મોહનભાઇનું પુતળુ, પાવરહાઉસ, ગ્રામ ઉધોગ મંદિરના ઇશાન ખૂણે વળી દક્ષિણ તરફ આવતા ખોજા કબ્રસ્તાન, મહેશ્વરનગર, સીપાહી સોસાયટીના અગ્નિ ખૂણેથી વળી પશ્ચિમ દિશાએ ઘેલા નદીના કાંઠે કાંઠે ડબલા વાળા, ઝૂંપડપટ્ટી, દાદાખાચર કોલેજ, નૂતન વિદ્યાલય, ચામઢીમાની દેરીનો પાછળનો ભાગ, જૂનું સ્મશાન, બોટાદ-ઢસા રોડ ક્રોસ કરી વાલ્મિકીવાસ, રોહિતવાસ, પ્રમુખસ્વામી માર્ગ, વાઢાળાચોક દરવાજા થઇ તાલુકા શાળા નં.૧ અને ૨, હજામશેરી, વાઢાળાચોકના ઇશાન ખૂણે વળી દક્ષિણ દિશા તરફ આવતા કુંભારશેરી, કુંભારશેરીના નાકે થઇ મધરપાટમાં જતાં પશ્ચિમ દિશાએ અંબાજી મંદિરનો પાછળનો ભાગ થઇ શેલપરા, શ્રીજીનગરની સામેના ભાગે થઇ નગરપાલિકાના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ થતો તમામ ભાગ.

## ગઢડા (સ્વા) નગરપાલિકા, જિલ્લો-બોટાદ

### વોર્ડ નં.૫

| સૂચિત વોર્ડ નંબર | ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત | | | | | બ્લોક ના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબર થી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫ | ૩૦ | ૦ | ૦ | ૪૩૮ | ૧ થી ૯૦ | રાવળશેરી, મઠ, વાઢાળાચોક, સંઘીચોક, |
| | ૩૧ | ૦ | ૦ | ૩૭૭ | ૧ થી ૮૮ | સાંકડીશેરી, લીમડાવાળો વંડો, ટાવર રોડ, |
| | ૩૨ | ૦ | ૦ | ૫૩૬ | ૧ થી ૯૬ | શ્રીજીનગર, ભીમજીભાઇ નો વંડો, સાંકડીશેરી, |
| | ૩૩ | ૦ | ૦ | ૭૦૨ | ૧ થી ૧૩૬ | મધરપાટ, ખોજાખાના, ગઢીયાશેરી, હળદરીયાશેરી, |
| | ૩૪ | ૦ | ૦ | ૩૫૫ | ૧ થી ૬૩ | ગઢીયાશેરી, વાળાશેરી, કુંભારશેરી, વાઢાળાચોક, |
| | ૩૫ | ૦ | ૦ | ૨૯૬ | ૧ થી ૪૩ | જુનુ મંદિર, ટાવર, મોધાશેરી, દરજીશેરી, જૂની કાપડબજાર, |
| | ૪૨ | ૪૦૫ | ૦ | ૬૬૭ | ૧ થી ૧૪૬ | દલિત-વણકરવાસ, દાતારની ધાર, ભડલીઝાંપા, મણીનાગેશ્વર |
| | ૪૩ | ૦ | ૦ | ૩૫૨ | ૧ થી ૫૭ | મોટી ડેલી, અક્ષર પુરુષોતમ મંદિર, જૂની શાકમાર્કેટ, મસ્જિદ, માણેકચોક,ઉપાશ્રયવાળી શેરી, |

### વોર્ડ નં.૫ ની હદનું વર્ણનઃ-

બોટાદના ઝાંપાના વાયવ્ય ખૂણેથી સ્ટેશન રોડ તરફ ચાલતાં ભીમજીભાઇ નો વંડો, શ્રીજીનગરના ઇશાન ખૂણેથી વળી દક્ષિણ દિશા તરફ આવતા મધરપાટ, મધરપાટ ચોકમાં થઇ લાઠીયાના ખાંચા પાસેથી કુંભારશેરીના નાકે થઇ ગઢીયાશેરી, વાળાશેરી થઇ કુંભારશેરીના અગ્નિ ખૂણે વળી પશ્ચિમદિશાએ ચાલતાં શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિની વાડીએ વળી વાઢાળાચોકમાં થઇ, સાંકડીશેરી, માણેકચોક, ઉપાશ્રયવાળી શેરી, જૂની શાકમાર્કેટ મસ્જિદ થઇ ઘેલા નદીના અગ્નિ ખૂણેથી વળી પશ્ચિમ દિશા તરફ ચાલતાં રમાઘાટ તળાવ તરફના પશ્ચિમ દિશાએ ચાલતાં અક્ષર પુરુષોત્તમ મંદિર, ગુરુકૂળ તથા તેના નૈઋત્ય ખૂણેથી વળી ઉત્તર તરફ ચાલતાં હરિપરનુ વોકળું ક્રોસ કરી દાતારની ધાર, દલિતવાસ, ભડલીઝાપેથી વળી ગામમાં આવતાં મણીનાગેશ્વર, મોટી ડેલી, જૂની કાપડ બજાર થઇ જૂના મંદિરના નૈઋત્ય ખૂણેથી વળી ઉત્તર તરફ ચાલતાં ચાલતાં દરજીવાળી શેરી, મોધાશેરી ટાવર પાસે થઇ, ટાવર રોડે ચાલતાં ચાલતાં બોટાદના ઝાંપે વાયવ્ય ખૂણેની અંદરનો સમાવિષ્ટ ભાગ.

## ગઢડા (સ્વા) નગરપાલિકા, જિલ્લો-બોટાદ

વોર્ડ નં.૬

| સૂચિત વોર્ડ નંબર | ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત | | | | | બ્લોક ના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબર થી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૬ | ૧૧ | ૩૪ | ૦ | ૫૩૮ | ૧ થી ૯૮ | કોઠીવાડી, હરીપરરોડ, શિવવાડી |
| | ૩૬ | ૦ | ૦ | ૫૭૪ | ૧ થી ૧૦૬ | ગોસળીયાશેરી, રામજીમંદિરની શેરી, અંબેભુવન વાળી શેરી, આહિરવાસ |
| | ૩૭ | ૦ | ૦ | ૬૬૩ | ૧ થી ૧૦૫ | આહિરવાસ, ભડલીઝાંપો, ભરવાડશેરી, |
| | ૩૮ | ૦ | ૦ | ૪૪૦ | ૧ થી ૮૦ | ત્રંબકલાલવાળી શેરી, બોટાદના ઝાંપો, દેવીપૂજકવાસ, નળ, સોનીની વાડી |
| | ૩૯ | ૦ | ૦ | ૩૫૮ | ૧ થી ૬૫ | વિછીયાપરા, ટાવરરોડ |
| | ૪૦ | ૨૦૧ | ૦ | ૬૮૬ | ૧ થી ૧૨૧ | ભરતનગર, મફતપ્લોટ, ભડલીઝાંપા, વાલ્મિકીવાસ |
| | ૪૧ | ૭ | ૦ | ૬૬૪ | ૧ થી ૧૦૮ | પાણીની ટાંકી, ભડલીઝાંપા |

### વોર્ડ નં.૬ ની હદનું વર્ણનઃ-

સર્વે નં ૬૪૩/૩ ના પૂર્વ દિશા તરફ ચાલતાં હરીપર રોડે ચાલતાં કોઠીવાડી, કોઠીવાડીના ઇશાન ખૂણે વળી દક્ષિણ દિશાએ આવતા હરીપર રોડે અગ્નિ ખૂણેથી વળી લક્ષ્મીવાડીની પાછળનો ભાગ, દક્ષિણ તરફ સોનીની વાડી, સોનીની વાડી થઇ ગામમાં આવતા નૈઋત્ય ખૂણેથી વળી નળમાં આવતા દેવીપૂજકવાસ, બોટાદના ઝાપે ઇશાન ખૂણેથી વળી દક્ષિણ દિશા તફર ત્રંબકલાલવાળો ખાંચો, વીછીયાપરા થઇ આહીરવાસ, જૂની કાપડ બજારના અગ્નિ ખૂણેથી વળી પશ્ચિમ તરફ જતાં ભડલીના ઝાંપા, અંબે ભુવન વાળી શેરી, આહીરવાસ, ભડલીઝાપેથી વળી દક્ષિણ દિશાએ પાણીની ટાંકી, બ્રાચ શાળા નં.૧, હરીપરનું વોકળું ક્રોસ કરી, ભરતનગર તથા માંડવધાર માર્ગ, શીતળા માંની દેરીના અગ્નિ ખૂણેથી વળી પશ્ચિમ દિશા તરફ ચાલતાં અક્ષરપુરૂષોત્તમનો બગીચો રમાધાટ તળાવના કાંઠે સર્વે નં.૬૪૩/૩, ૪૦૨, ૪૦૧, ૪૦૦, ૩૮૬, ૩૮૫, ૩૮૪, ૩૮૩, ૩૮૨ ના નૈઋત્ય ખૂણાથી વળી ઉત્તર તરફ ચાલતાં માંડવધાર રોડ ક્રોસ કરી સર્વે નં.૩૮૦, ૩૬૯,૩૬૮, ૩૬૭/૪, ૩૬૭/૧, ૩૩૧, ૩૩૦ હરીપરનુ વોકળું ક્રોસ કરી સર્વે નં. ૬૪૩/૩ ના વાયવ્ય ખૂણે સુધીનો સમાવિષ્ટ તમામ ભાગ.

## ગઢડા (સ્વા) નગરપાલિકા, જિલ્લો-બોટાદ

### વોર્ડ નં.૭

| સૂચિત વોર્ડ નંબર | ઇલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક અને ઘર નંબરની વિગત | | | | | બ્લોક ના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબર થી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૭ | ૪૬ | ૧ | ૦ | ૫૬૩ | ૧ થી ૧૦૨ | નિલકંઠ મહાદેવ, ટેકરીયા હનુમાન, સીલીંગ સેન્ટર, પાણીની ટાંકી, મફતપ્લોટ, |
| | ૪૭ | ૦ | ૦ | ૭૪૯ | ૧ થી ૧૨૫ | વેચાણ પ્લોટ, પાણાખાણ, શીતળા માંની દેરી |
| | ૪૮ | ૩૪૯ | ૪ | ૬૬૯ | ૧ થી ૧૧૩ | ઢસા રોડ, વેચાણ પ્લોટ, આંબેડકરનગર, શીરવાણીયા |
| | ૪૯ | ૦ | ૮ | ૬૭૯ | ૧ થી ૧૨૪ | ઢસા રોડ,મોહનનગર મફતપ્લોટ, |
| | ૫૦ | ૦ | ૦ | ૪૮૯ | ૧ થી ૯૨ | માર્કેટીંગ યાર્ડ, સંઘના ગોડાઉન, પેટ્રોલ પંપ, મફતપ્લોટ, ચાર રસ્તા |
| | ૫૧ | ૦ | ૦ | ૫૯૬ | ૧ થી ૧૦૨ | મોહનનગર મફતપ્લોટ, |
| | ૫૨ | ૦ | ૦ | ૪૫૪ | ૧ થી ૭૪ | ગઢાળીરોડ, મોહનનગર મફતપ્લોટ, |
| | ૫૩ | ૦ | ૦ | ૫૨૫ | ૧ થી ૧૦૮ | મધરીયો, રેફરલ હોસ્પિટલ, વિશ્વાસ ગૃપ સોસાયટી, યોગીનગર, કોર્ટ |
| | ૫૪ | ૫૦ | ૮ | ૬૧૫ | ૧ થી ૧૧૬ | અડતાળા રોડ, ઝીઝરીયાની વાડી, હુડકો સોસાયટી, ઇંટના ભઠ્ઠા, |
| | ૫૫ | ૩૮ | ૦ | ૬૦૮ | ૧ થી ૧૧૩ | રેફરલ કવાટર્સ, હુડકો સોસાયટી, નગરપાલિકાના પ્લોટ, ઝૂંપડપટ્ટી, સ્મશાન, બ્રાંચ શાળા નં.૪ |

### વોર્ડ નં.૭ ની હદનું વર્ણનઃ-

સર્વે નં. ૪૦૫ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ ચાલતાં રમાઘાટ તળાવનો કાંઠો આંબેડકરનગર, ગુરૂકુળનો બગીચો, વેચાણ પ્લોટ તથા ઘેલા નદીનો કાંઠે કાઠે ચાલતાં શીતળા માંની દેરી, વડલો પાણા ખાણ પાસે થઇ ટેકરીયા હનુમાન, નીલકંઠ મહાદેવ મંદિર થઇ ગઢડા- બોટાદ રોડ ક્રોસ કરી સ્મશાન પાસે થઇ ઝૂંપડપટ્ટી, ઇટોના ભઠ્ઠા થઇ સર્વે નં ૬૨૮, ૬૨૯, ૬૩૭/૨ ઇશાન ખૂણેથી વળી દક્ષિણ દિશા તરફ આવતાં અડતાળા રોડ ક્રોસ કરી સર્વે નં. ૬૩૬, ૬૩૫, ૬૨૨ તરફ આવતા અડતાળાના સીમાડે ચાલતાં ચાલતાં સર્વે નં.૬૧૨, ૬૧૧,૬૦૮, ૫૯૭,૫૯૬,૫૯૫,૫૯૧, ૫૮૫, ૫૮૪, ૫૮૨, બોડકી- લાખણકા માર્ગ ક્રોસ કરી સર્વે નં.૫૭૮, ૫૭૭, ૫૭૬ , ૫૭૫, ૫૭૪ ના અગ્નિ ખૂણેથી વળી પશ્ચિમ દિશાએ વનાળીના સીમાડે ચાલતાં ચાલતાં સર્વે નં.૫૬૯, ૫૭૩, ૫૭૨, બોડકી - લાખણકા માર્ગ ક્રોસ કરી બોડકીના સીમાડે ચાલતાં ચાલતાં સર્વે નં.૫૭૧, ૫૭૦,૫૬૭, ૫૪૬, ૫૬૨, ૫૬૫, ૫૪૦, ૫૩૯, ગઢડા - બોડકી રોડ ક્રોસ કરી સર્વે નં.૫૩૭, ૪૭૧, ૪૬૯, મોજે રણીયાળાના સીમાડે ચાલતાં ચાલતાં સર્વે નં.૪૬૮, ૪૬૭, ૪૬૬, ૪૬૧, ૪૫૯, ૪૫૭, ગઢડા - રણીયાળા રોડ ક્રોસ કરી સર્વે નં.૪૫૭, ૪૫૫ ગઢડા - ઢસા રોડ ક્રોસ કરી સર્વે નં.૪૫૬, ૪૫૫, ૪૫૪, ૪૪૦, ૪૪૮, ૪૩૮, ૪૩૭, ૪૩૬ ના નૈઋત્ય ખૂણેથી વળી ઉત્તર દિશા તરફ જતાં મોજે માંડવધારના સીમાડે ચાલતાં ચાલતાં સર્વે નં.૪૩૬, ૪૩૫,૪૩૪,૪૩૩, ૪૩૨ , ૪૩૧ , ૪૩૦ , ૪૨૯, ૪૨૭, ૪૨૬, સર્વે નં. ૬૫૫ પૈકી ૪ શીરવાણીયા તળાવ સર્વે નં.૪૦૬, ૪૦૫ ના નૈઋત્ય ખૂણે સુધીનો સમાવિષ્ટ તમામ ભાગ.

( મહેશ જોશી )
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

રાજય ચૂંટણી આયોગ, ગુજરાત રાજ્ય * ગાંધીનગર *

# અનુસૂચિ-૨

## રાજ્ય ચૂંટણી આયોગ
## ગુજરાત રાજ્ય
## ગાંધીનગર

| | | |
|---|---|---|
| ગઢડા નગરપાલિકાની સને-૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ | ૨૯૮૭૨ | |
| કુલ વોર્ડની સંખ્યા | ૭ | |
| વોર્ડ દીઠ સરેરાશ વસતિ | ૪૨૬૭ | સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૪૬૯૪<br>સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૮૪૧ |
| બેઠકોની સંખ્યા | ૨૮ | |
| કુલ સ્ત્રી બેઠકો | ૧૪ | |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૨ | તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે. |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૦ | તે પૈકી સ્ત્રી બેઠક ફાળવેલ નથી. |
| પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૩ | તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે. |
| કુલ અનામત બેઠકો | ૧૭ | |
| સામાન્ય બેઠકો | ૧૧ | |

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૪૩૦૦ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૨ | ૨ | ૪૧૭૧ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૩ | ૩ | ૪૦૧૧ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૪ | ૪ | ૩૭૯૭ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૫ | ૫ | ૩૭૨૩ | અનુસૂચિત જાતિ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૬ | ૬ | ૩૯૨૩ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૭ | ૭ | ૫૯૪૭ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| | કુલ | ૨૯૮૭૨ | | | | |

રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત રાજ્ય ગાંધીનગર

( મહેશ જોશી )
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર